નમુનો-ધ

જુઓ નિયમ-૪(૧)

બીજા સત્તા મંડળને લગતી અરજીની તબદીલી

ક્રમાંકઃ- આરટીઆઇ/૧૦૨૦૧૬/૨૭/ખા.ક.
જાહેર માહિતી અધિકારી અને
ખાસ ફરજ પરના અધિકારીશ્રી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૭/૨૦૧૬

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી,
જી.આર.આઇ.સી.એલ.
૩૦૧, શપથ, રાજપથ કલબની સામે
એસ.જી. હાઇવે રોડ, બોડકદેવ
અમદાવાદ-૩૮૦૦૧૫.

શ્રીમાન,

અરજદારશ્રી મુકેશભાઇ સી. દવે, માનદમંત્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદની તા.૩૦/૬/૧૬ ની આરટીઆઇ એકટ-૨૦૦૫ હેઠળ માહિતી આપવાની અરજી આ શાખાને તા.૧૩/૭/૧૬ ના રોજ મળેલ છે. તે જોવા વિનંતી છે.

૨. જરૂરી માહિતી/ દસ્તાવેજની વિષયવસ્તુ આપની કચેરીના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોવાથી આપશ્રીની કચેરીને આ અંગે આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે તબદીલ કરવામાં આવે છે. આ બાબતે અરજદારને આ વિભાગની જાણ હેઠળ બારોબાર માહિતી પુરી પાડવા વિનંતી છે.

૩. આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અરજદારે નિયમ-૫(ક) પ્રમાણે અરજી પેટે રૂા. ૨૦/- (ફકત વીસ પુરા) ચુકવેલ છે.

બિડાણ : - ઉપર મુજબ

આપનો વિશ્વાસુ
(આર. કે. ચૌહાણ)
જાહેર માહિતી અધિકારી અને
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિયો.)
માર્ગ અને મકાન વિભાગ

<u>નકલ રવાના :- (આર.પી.એ.ડી)</u>

-- અરજદારશ્રી મુકેશભાઇ સી. દવે, માનદમંત્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદની તા.૩૦/૬/૧૬ ની આરટીઆઇ એકટ-૨૦૦૫ હેઠળ માહિતી આપવાની અરજી આ શાખાને તા.૧૩/૭/૧૬ ના રોજ અત્રે મળેલ છે. આ અરજી અન્વયે જાણ સારૂ.

આપે માંગેલ માહિતીને લગતી અરજીનું કાર્યક્ષેત્રમાં આવતા જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલી છે. જેથી હવે ઉપર દર્શાવેલ જાહેર માહિતી અધિકારીશ્રીનો સંપર્ક કરવા આપને વિનંતી કરવામાં આવે છે.

-- નાયબ સેકશન અધિકારીશ્રી- સીલેકટ ફાઇલ-૨૦૧૬